સાયણ સુગરની ચૂંટણીમાં ભાજપ સામે ભાજપની જ પેનલ ટકરાશે !

વર્તમાન પ્રમુખ રાકેશ પટેલ અને માજી પ્રમુખ કેતન પટેલની સામસામી પેનલોથી ગરમાવો

18 ઝોનમાં 122 ઉમેદવારે નોંધાવી ઉમેદવારી, કોંગ્રેસના દર્શન નાયકની સાંધીએર બેઠક પર સતત ત્રીજી વખત અપક્ષ ઉમેદવારી

સુરત, સાયણ: સુરત જિલ્લાની સાયણ સુગરની વ્યવસ્થાપક સમિતિની ચૂંટણીને લઈને રાજકીય માહોલ ગરમાયો છે. કથિત ભાજપ સમર્થિત વર્તમાન પ્રમુખ રાકેશ ટી. પટેલ સામે માજી પ્રમુખ કેતન એન. પટેલ આ ચૂંટણીમાં સામ સામે આવી ગયા છે. તેમણે પોતાની અલગ-અલગ પેનલો મેદાનમાં ઉતારતા ભાજપમાં જ આંતરિક રાજકીય ખેંચતાણ સપાટી પર આવી ગઈ છે. સાયણ સુગરની 9 ઓગસ્ટે યોજનારી ચૂંટણી માટે સોમવારે ઉમેદવારી ફોર્મ ભરવાના અંતિમ દિવસે કુલ 122 ઉમેદવારોએ 18 ઝોનમાં ઉમેદવારી નોંધાવી હતી. કેટલાક ઉમેદવારોએ એકથી વધુ ફોર્મ ભર્યા હોવાથી 31 જુલાઈએ ઉમેદવારી પરત ખેંચવાની અંતિમ તારીખ બાદ ચૂંટણીનું અંતિમ ચિત્ર સ્પષ્ટ થશે.

ઓલપાડ પ્રાંત અધિકારી કચેરી ખાતે ઉમેદવારી નોંધાવવા બંને જૂથોએ પોતાના સમર્થકો સાથે શક્તિ પ્રદર્શન કર્યું હતું. વર્તમાન પ્રમુખ રાકેશ પટેલ સામે માજી પ્રમુખ કેતન પટેલે પોતાની અલગ પેનલ ઊભી કરી છે. સાયણ ઝોનમાં કેતન પટેલે પોતાના સમર્થક અને લાલચુડા કડવા પાટીદાર સમાજના સિદ્ધાર્થ મંગુભાઈ પટેલને મેદાનમાં ઉતાર્યા છે. સિદ્ધાર્થ પટેલ અને રાકેશ પટેલ વચ્ચેની નજીકની રાજકીય સમીકરણોને કારણે આ બેઠક વિશેષ ચર્ચામાં આવી છે. કુડસદ ઝોનમાં પણ બંને જૂથો વચ્ચે સીધી ટક્કર જોવા મળી રહી છે. કેતન પટેલ સામે રાકેશ પટેલે સુગરના માજી ડિરેક્ટર રજની પટેલને મેદાનમાં ઉતાર્યા છે. અહીં લાલચુડા, લેઉવા પાટીદાર તેમજ રાજપૂત સમાજના મતદારોનું વલણ ચૂંટણીના પરિણામમાં નિર્ણાયક બનશે. સૌથી વધુ ચર્ચાનો વિષય બનેલા સાંધીએર ઝોનમાં કોંગ્રેસી નેતા અને સહકારી આગેવાન દર્શન એ. નાયકે સતત ત્રીજી વખત અપક્ષ તરીકે ઉમેદવારી નોંધાવી છે. તેમની સામે ઓલપાડના ભાજપના ધારાસભ્ય મુકેશ પટેલના સમર્થનથી બ્રિજેશ ઉર્ફે વિરલ ગુણવંતભાઈ પટેલ મેદાનમાં ઉતર્યા છે. આ ઉપરાંત સોંદામીઠા ગામના પૃથ્વીરાજસિંહ અને ગોલા ગામના અરવિંદ પટેલે પણ અપક્ષ ઉમેદવારી નોંધાવતા અહીં બહુકોણીય જંગમાં દર્શન નાયક અજેય રથ આગળ વધશે કે અટકશે એને લઈ ચર્ચા ચાલી રહી છે.

પૂર બાદ 43 ગામમાં ઘરે-ઘરે આરોગ્ય સર્વેલન્સ

૧૬૧ ટીમની કામગીરીથી ૨૭૧૦ ઘરનો સરવે, ૧૫,૫૧૧ ક્લોરિન ટેબ્લેટનું વિતરણ અને ૭૬ મેડિકલ કેમ્પમાં ૨,૧૭૯ દર્દીને સારવાર

તાવ, ઝાડા-ઊલટી અને શરદી-ખાંસી જેવાં લક્ષણો ધરાવતા ૫૬૬ દર્દીઓની ઓળખ કરવામાં આવી, ૭૬ મેડિકલ કેમ્પમાં કુલ ૨,૧૭૯ લોકોને સારવાર આપવામાં આવી

સુરતઃ ભારે વરસાદ અને પૂરની સ્થિતિ બાદ સુરત જિલ્લાના અસરગ્રસ્ત વિસ્તારોમાં સંભવિત રોગચાળો ફેલાતો અટકાવવા આરોગ્ય વિભાગે મેદાનમાં સઘન કામગીરી શરૂ કરી છે.

જિલ્લા કલેક્ટર અને જિલ્લા વિકાસ અધિકારીના માર્ગદર્શન હેઠળ આરોગ્ય વિભાગની ટીમો છેલ્લા કેટલાક દિવસોથી અસરગ્રસ્ત ગામોમાં સતત સર્વેલન્સ, આરોગ્ય તપાસ અને દવાઓના વિતરણનું કામ કરી રહી છે.

જિલ્લાના ઓલપાડ, સેવણી, તેન, કાંકરિયા, હળદવા, લુવારા, લીંબાડા, માસમા, સરોલી, બગુમરા, બારડોલી સહિત કુલ ૪૩ અસરગ્રસ્ત ગામોમાં ૧૬૧ આરોગ્ય ટીમો કાર્યરત છે. ટીમોએ અત્યાર સુધી ૨,૭૧૦ ઘરોની મુલાકાત લઈને આરોગ્ય સર્વે કર્યો છે. આ દરમિયાન ૧૫,૫૧૧ ક્લોરીન ટેબ્લેટનું વિતરણ કરવામાં આવ્યું છે, જ્યારે તાવ, ઝાડા-ઉલટી અને શરદી-ખાંસી જેવા લક્ષણો ધરાવતા ૫૬૬ દર્દીઓની ઓળખ કરવામાં આવી છે. અસરગ્રસ્ત વિસ્તારોમાં આયોજિત ૭૬ મેડિકલ કેમ્પમાં કુલ ૨,૧૭૯ લોકોને સ્થળ પર જ સારવાર આપવામાં આવી છે. સાથે જ ઓ.આર.એસ. પેકેટ, જરૂરી દવાઓ અને ક્લોરીન ટેબ્લેટનું ઘરેઘરે વિતરણ કરવામાં આવી રહ્યું છે.

આરોગ્ય વિભાગ દ્વારા પીવાના પાણીની ગુણવત્તા જળવાઈ રહે તે માટે ક્લોરીનેશનની કામગીરીનું મોનિટરિંગ, આર.સી. ટેસ્ટ દ્વારા પાણીની તપાસ, તેમજ મચ્છરજન્ય રોગો રોકવા એન્ટી લાર્વલ કામગીરી અને ડસ્ટિંગ હાથ ધરવામાં આવી રહ્યું છે. ઉપરાંત પાણીજન્ય અને વાહકજન્ય રોગોથી બચવા માટે લોકોને જાગૃત કરવા આઈ.ઈ.સી. પ્રવૃત્તિઓ પણ ચલાવવામાં આવી રહી છે.

સુરત જિલ્લામાં ચોમાસું અડધું બાકી છતાં સરેરાશ વરસાદને આંબી ગયું

કામરેજ-પલસાણા-અંબિકામાં 100 ટકાથી વધુ વરસાદ ખાબક્યો

અરેઠ, માંડવી, ચોર્યાસી અને માંગરોળમાં હજુ નોંધપાત્ર વરસાદની જરૂર

સુરત: સુરત જિલ્લામાં ચોમાસાના હજુ ઓગસ્ટ અને સપ્ટેમ્બર એમ બે મહિના બાકી હોવા છતાં 28 જુલાઈ સુધીમાં સારો વરસાદ નોંધાયો છે. જિલ્લા વરસાદના આંકડાઓ મુજબ કેટલાક તાલુકાઓએ 30 વર્ષના સરેરાશ વરસાદને પાછળ છોડી દીધો છે, જ્યારે કેટલાક તાલુકાઓમાં હજુ સરેરાશ સુધી પહોંચવા માટે નોંધપાત્ર વરસાદની જરૂરિયાત છે. જિલ્લામાં અત્યાર સુધી કુલ 1,238 મી.મી. વરસાદ નોંધાયો છે, જે ચોમાસાની મોસમને અનુલક્ષીને સાનુકૂળ સ્થિતિ દર્શાવે છે.

આંકડાઓ પર નજર કરીએ તો પલસાણા તાલુકામાં સૌથી વધુ 119.64 ટકા વરસાદ નોંધાયો છે. અહીં 30 વર્ષનો સરેરાશ વરસાદ 1,512 મી.મી. સામે ચાલુ વર્ષે અત્યાર સુધીમાં 1,809 મી.મી. વરસાદ વરસી ચૂક્યો છે. તે જ રીતે અંબિકા તાલુકામાં 112.52 ટકા અને કામરેજ તાલુકામાં 104.63 ટકા વરસાદ નોંધાતા આ ત્રણેય તાલુકાઓએ સરેરાશ વરસાદને વટાવી દીધો છે. સુરત શહેર તાલુકામાં પણ વરસાદ સામાન્યથી વધુની નજીક રહ્યો છે. અહીં 30 વર્ષનો સરેરાશ વરસાદ 1,463 મી.મી. સામે અત્યાર સુધીમાં 1,364 મી.મી. એટલે કે 93.23 ટકા વરસાદ નોંધાયો છે. જ્યારે બારડોલીમાં 94.64 ટકા, મહુવામાં 85 ટકા, ઓલપાડમાં 85.67 ટકા અને ઉમરપાડામાં 83.58 ટકા વરસાદ નોંધાતા આ વિસ્તારો પણ સરેરાશની નજીક પહોંચી ગયા છે.

આગામી દિવસોમાં સામાન્ય વરસાદ પડતાં આ તાલુકાઓ પણ સરળતાથી સરેરાશ આંકને પાર કરી શકે તેવી સ્થિતિ છે.

ઘણા તાલુકાઓમાં વરસાદની અછત

બીજી તરફ જિલ્લામાં કેટલાક તાલુકાઓમાં વરસાદની અછત હજુ યથાવત જોવા મળી રહી છે. અરેઠ તાલુકામાં માત્ર 42.34 ટકા વરસાદ નોંધાયો છે, જે જિલ્લામાં સૌથી ઓછો છે. ઉપરાંત માંડવીમાં 44.71 ટકા, ચોર્યાસીમાં 53.47 ટકા અને માંગરોલમાં 55.36 ટકા વરસાદ નોંધાયો છે. આ વિસ્તારોમાં આગામી બે મહિનામાં સારો વરસાદ થાય તો જ સરેરાશ વરસાદના આંકડા સુધી પહોંચવું શક્ય બનશે.

30 વર્ષનો સરેરાશ વરસાદ અને ચાલુ વર્ષનો કુલ વરસાદ

તાલુકા	30 વર્ષનો	આ વર્ષનો	ટકા
ઓલપાડ	1075	921	85.67
માંગરોળ	1447	801	55.36
ઉમરપાડા	2010	1680	83.58
માંડવી	1521	680	44.71
કામરેજ	1491	1560	104.63
સુરત	1463	1364	93.23
ચોર્યાસી	1313	702	53.47
પલસાણા	1512	1809	119.64
બારડોલી	1511	1430	94.64
મહુવા	1653	1405	85.00
અરેઠ	1521	644	42.34
અંબિકા	1653	1860	112.52
કુલ	1234.58	1238	81.76

સુરત જિ. પંચાયતની સમિતિના અધિકારીઓને ખાસ નિર્દેશ

ઉત્પાદન, સહકાર અને સિંચાઈ સમિતિની પ્રથમ બેઠકમાં યોજનાઓનો લાભ છેવાડાના લાભાર્થીઓ સુધી પહોંચાડવા સૂચના.

સુરતઃ સુરત જિલ્લા પંચાયતની ઉત્પાદન, સહકાર અને સિંચાઈ સમિતિની પ્રથમ બેઠકમાં ચોમાસાની ઋતુ દરમિયાન મહત્તમ જળસંચયના કાર્યોને પ્રાથમિકતા આપીને આયોજનબદ્ધ કામગીરી કરવા પર વિશેષ ભાર મૂકવામાં આવ્યો હતો. સમિતિના અધ્યક્ષ સુનિતાબેન ગુલાબભાઈ વસાવાના અધ્યક્ષસ્થાને યોજાયેલી બેઠકમાં સિંચાઈ વિભાગના અધિકારીઓને આ અંગે જરૂરી દિશાનિર્દેશ આપવામાં આવ્યા હતા.

સમિતિના અધ્યક્ષે ભારપૂર્વક જણાવ્યું હતું કે સરકારની તમામ યોજનાઓનો લાભ અંતિમ છેવાડાના અને ખરેખર જરૂરિયાતમંદ લાભાર્થીઓ સુધી સમયસર અને અસરકારક રીતે પહોંચે તે માટે અધિકારીઓએ નિષ્ઠાપૂર્વક કામગીરી કરવી જોઈએ. વધુમાં વધુ જળસંચયના કાર્યો હાથ ધરવા સિંચાઈના કાર્યપાલક ઈજનેર ડી.આર. પટેલને ખાસ સૂચનાઓ આપવામાં આવી હતી. બેઠકમાં સમિતિના સચિવ અને જિલ્લા ખેતીવાડી અધિકારી એસ.બી. ગામિતે વિગતવાર માર્ગદર્શન આપ્યું હતું,

સરકારી જમીન ફાળવણી માટે કલેક્ટર-DDOની સત્તામાં વધારો

ગાંધીનગરના ધક્કા ઘટશે, કલેક્ટરની નાણાકીય સત્તા 15 લાખથી વધીને 1 કરોડ અને ડીડીઓની 50 લાખ કરાઈ

ગાંધીનગરઃ રાજ્યમાં ઈન્ફ્રાસ્ટ્રક્ચર, ઔદ્યોગિક અને ગ્રામ વિકાસના પ્રોજેક્ટોને ઝડપી ગતિ આપવા મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલે વહીવટી સુધારાનો મહત્ત્વપૂર્ણ નિર્ણય લીધો છે. સરકારી જમીનની ફાળવણી માટે જિલ્લા કલેક્ટર અને જિલ્લા વિકાસ અધિકારીઓ (ડીડીઓ)ની નાણાકીય સત્તામાં નોંધપાત્ર વધારો કરવામાં આવ્યો છે.

નવા નિર્ણયથી અનેક પ્રકારની જમીન ફાળવણી માટે હવે ગાંધીનગરની મંજૂરીની રાહ જોવાની જરૂર નહીં રહે અને જિલ્લા કક્ષાએ જ નિર્ણયો ઝડપથી લઈ શકાશે.

રાજ્ય સરકારના બોર્ડ અને કોર્પોરેશનોને બે હેક્ટર સુધીની જમીન ફાળવવા માટે જિલ્લા કલેક્ટરની નાણાકીય સત્તા રૂ.15 લાખથી વધારી રૂ.1 કરોડ કરવામાં આવી છે. જ્યારે જાહેર હેતુ માટે કેન્દ્ર સરકારના વિભાગોને એક હેક્ટર સુધીની જમીન ફાળવણી માટેની સત્તા રૂ.15 લાખથી વધારી રૂ.50 લાખ કરવામાં આવી છે. સરકારી કર્મચારીઓ અને વ્યક્તિગત રહેણાંક હેતુ માટે જમીન ફાળવણીની સત્તા રૂ.1 લાખથી વધારી રૂ. 20 લાખ કરવામાં આવી છે. સહકારી ગૃહ નિર્માણ મંડળીઓ માટે આ મર્યાદા રૂ.6 લાખથી વધારી રૂ.50 લાખ કરવામાં આવી છે. વ્યાપારિક હેતુ માટે હરાજી દ્વારા જમીન ફાળવણીની સત્તા રૂ.1 લાખથી વધારી રૂ.5 લાખ કરવામાં આવી છે, જ્યારે સહકારી ગોડાઉન અને અન્ય સંસ્થાઓ માટેની સત્તા રૂ.3 લાખથી વધારી રૂ.15 લાખ સુધી કરવામાં આવી છે.

દ.ગુજરાતમાં પૂરને કારણે 6,584 ટ્રાન્સફોર્મર, 213 ફીડરને નુકસાન

ટેક્નિકલ ક્ષતિઓએ વીજ વિતરણ વ્યવસ્થાની નબળાઈ ઉજાગર કરી

પાણી ઓસર્યા બાદ સલામતી ચકાસણી પછી તબક્કાવાર વીજપ્રવાહ શરૂ કરાયો

સુરત : દક્ષિણ ગુજરાતમાં ભારે વરસાદ અને પૂર બાદ વીજ વિતરણ તંત્રને થયેલી વ્યાપક ટેક્નિકલ ક્ષતિઓ સામે આવી છે. સત્તાવાર માહિતી મુજબ સુરત, નવસારી, વલસાડ અને ડાંગ જિલ્લામાં 6,584 ટ્રાન્સફોર્મર, 213 વીજ ફીડર અને 200 વીજ પોલ પ્રભાવિત થયા હતા. આ આંકડા દર્શાવે છે કે પૂરથી વીજ માળખાને નોંધપાત્ર નુકસાન પહોંચ્યું હતું. પૂરના પાણીના કારણે અનેક વિસ્તારોમાં વીજ લાઈનો અને ટ્રાન્સફોર્મરમાં ફોલ્ટ સર્જાયા હતા. પાણી ઓસર્યા બાદ DGVCLના ઈજનેરો અને ટેક્નિકલ ટીમોએ સબસ્ટેશન, ફીડર, ટ્રાન્સફોર્મર અને વીજ લાઈનોનું નિરીક્ષણ કરીને સલામતી પરીક્ષણ હાથ ધર્યું હતું. ત્યારબાદ જ તબક્કાવાર વીજ પુરવઠો શરૂ કરવામાં આવ્યો હતો. વીજ વિતરણ વ્યવસ્થા પુનઃસ્થાપિત કરવા માટે DGVCLની 338 ટીમોમાં 1,334 અધિકારીઓ અને કર્મચારીઓ ઉપરાંત PGVCL રાજકોટની 10 ટીમોને પણ મેદાનમાં ઉતારવામાં આવી હતી. તેમના પ્રયાસોથી DGVCLના 322 ગામો તેમજ રાજ્યના એક હજારથી વધુ અસરગ્રસ્ત ગામોમાં વીજ પુરવઠો પુનઃસ્થાપિત કરવામાં આવ્યો હોવાનું જણાવાયું છે. હજુ પણ જ્યાં પાણી ભરાયેલા છે ત્યાં વીજ પુરવઠો શરૂ કરવામાં આવ્યો નથી. વીજ કંપનીના જણાવ્યા મુજબ પાણીનું સ્તર ઘટ્યા બાદ અને તમામ ટેક્નિકલ તથા સલામતી ચકાસણીઓ પૂર્ણ થયા પછી જ આવા વિસ્તારોમાં વીજપ્રવાહ શરૂ કરવામાં આવશે.

અનુસંધાન ... પાના પહેલાનું

સગીર દેખાવકારોને...

મામલે નિષ્પક્ષ અને સ્વતંત્ર તપાસ જરૂરી છે. નોંધનીય છે કે કથિત પોલીસ અત્યાચારો અંગે સ્વતંત્ર તપાસ માટે નિવૃત જજના વડપણ હેઠળ ખાસ તપાસ ટીમની રચના કરવા માટે સુપ્રીમ કોર્ટમાં ઉગ્ર રજુઆતો થઈ છે. પીઠે નિર્દેશ આપ્યો કે, તમામ રાજ્યોને આથી આદેશ આપવામાં આવે છે કે વિરોધ પ્રદર્શનના સંબંધમાં ધરપકડ કે અટકાયત કરાયેલા ૧૮ વર્ષથી ઓછી વયના બાળકો, જેઓ ભૂતકાળમાં કોઈ ગુનાહિત રેકોર્ડ નથી ધરાવતા, તેમને મુક્ત કરવામાં આવે. કોર્ટે કહ્યું કે જો જરૂર પડે તો, આ બાળકોને તેઓ પોતે અથવા તેમના પરિવારના સભ્યો દ્વારા લખી આપવામાં આવતા એક સામાન્ય બોન્ડ પર મુક્ત કરવામાં આવશે, ખાસ કરીને જો જામીન માટે આવી જરૂરિયાત પર ભાર મૂકવામાં આવ્યો હોય. સુનાવણી દરમિયાન જસ્ટિસ જોયમાલા બાગચી અને જસ્ટિસ વી મોહનાની બનેલી પીઠે એવું પણ અવલોકન કર્યું હતું કે, જેણે પણ અતિરેક કર્યો છે અને કાયદો પોતાના હાથમાં લીધો છે, તેની સામે કડક કાર્યવાહી થવી જોઈએ. પીઠે વિરોધ કરનારાઓ પર પેલેટ ગન, ખીલી જડેલી લાઠીઓ, રબરની ગોળીઓ અને ઈલેક્ટ્રિક બેટનનો ઉપયોગ કરવા જેવા આક્ષેપોની નોંધ લીધી હતી, જેના પરિણામે કેટલાક વિદ્યાર્થીઓ અને યુવાન મહિલાઓને ગંભીર ઈજાઓ પહોંચી હતી. કોર્ટે નિર્દેશ આપ્યો હતો કે દિલ્હી સરકાર અને અન્ય રાજ્યો નોંધાયેલી FIR અંગેની તપાસ આગળ ધપાવી શકે છે, પરંતુ આંદોલનકારી વિદ્યાર્થીઓ સામે કોઈ પણ કડક કાર્યવાહી કરવામાં આવશે નહીં. કોર્ટે સ્પષ્ટતા કરી કે, "આવું રક્ષણ ભૂતકાળનોલ ગુનાહિત ઈતિહાસ ધરાવતી વ્યક્તિઓને આપવામાં આવશે નહીં. એ બાબતની નોંધ લેતા કે પીઠ ટાસ્ક ફોર્સ દ્વારા તમામ આરોપોની સ્વતંત્ર, પારદર્શક અને સંપૂર્ણ તપાસ કરવાની વિચારણા કરી રહી છે, ત્યારે જજસાહેબોએ કહ્યું કે ૨૫૦ પોલીસકર્મીઓ પર થયેલા હુમલા અને તે હુમલા વિદ્યાર્થીઓ દ્વારા કરવામાં આવ્યા હતા કે પછી કોઈ "અસામાજિક તત્વો" દ્વારા, તે શોધવા માટે પણ તપાસ જરૂરી છે.

વિદ્યાર્થીઓની હેરાનગતિ...

પર પોલીસ દ્વારા ત્રાસ ગુજારવામાં આવતો રહેશે, તો કોકરોચ જનતા પાર્ટી ટૂંક સમયમાં એક વિશાળ શાંતિપૂર્ણ વિરોધ કરશે. સરકારે તાત્કાલિક વિદ્યાર્થીઓને નિશાન બનાવવા અને તેમના વિરુદ્ધની ચાલાકી બંધ કરવી જોઈએ. પાર્ટીના પ્રવક્તા સૌરવ દાસે સુપ્રીમ કોર્ટના વચગાળાના આદેશ પર સવાલ ઉઠાવ્યા છે. મંગળવારે જારી કરાયેલા એક વિગતવાર નિવેદનમાં, સૌરવે જણાવ્યું હતું કે CJP આંદોલન સંબંધિત કેસોમાં સુપ્રીમ કોર્ટે પસાર કરેલો વચગાળાનો આદેશ, ખાસ કરીને હાલની FIR માં તપાસ ચાલુ રાખવાની મંજૂરી આપતો નિર્દેશ, દેશભરના યુવાનો માટે ચિંતાનો વિષય છે. સીજેપી ૨૦ જુલાઈના રોજ થયેલા વિરોધ પ્રદર્શન દરમિયાન થયેલી કથિત પોલીસ બર્બરતા પર સંસદમાં ચર્ચા કરવાની માંગ કરી છે, જેમાં માત્ર પોલીસ જ નહીં પરંતુ ગૃહમંત્રીની પણ જવાબદારી નક્કી કરવાની વાત કહી છે.

તેમણે કહ્યું કે આ નિર્દેશ કેન્દ્ર સરકારના 25 જુલાઈ, 2026 ના રોજના જાહેર ખાતરીનો વિરોધાભાસ કરે છે કે શાંતિપૂર્ણ વિરોધ પ્રદર્શનમાં સામેલ વિદ્યાર્થીઓ અને યુવાનો સામે નોંધાયેલી FIR પાછી ખેંચી લેવામાં આવશે અને કોઈપણ વિરોધીઓને પ્રત્યક્ષ કે પરોક્ષ રીતે નિશાન બનાવવામાં આવશે નહીં. તેમણે કહ્યું કે કરાર હેઠળની ખાતરીઓ પૂર્ણ કરવા માટેની સરકારની સમયમર્યાદા મંગળવારે સમાપ્ત થઈ રહી છે. સરકારે તેના તમામ વચનો પૂર્ણ કરવા જ જોઈએ.

જાપાનમાં શક્તિશાળી...

એક સંદેશમાં જણાવ્યું હતું કે તેમની સરકારે એક ટાસ્ક ફોર્સની રચના કરી છે. ટાકાઈચીએ બાદમાં પત્રકારોને જણાવ્યું હતું કે અનેક લોકો ઘાયલ થયા હોવાના તેમજ રસ્તાઓ, પુલો અને ઇમારતોને નુકસાન પહોંચ્યું હોવાના અહેવાલો છે. આ ઉપરાંત વીજળી ગુલ થવાની અને આગ લાગવાની ઘટનાઓ પણ બની છે, જો કે વિગતો હજુ અસ્પષ્ટ છે. ક્યોડો ન્યૂઝ એજન્સીએ જણાવ્યું હતું કે ચત્સુશિરો શહેરની એક હોસ્પિટલમાં ભૂકંપમાં ઘાયલ થયેલા આશરે ૪૦ લોકોને દાખલ કરવામાં આવ્યા છે. ચત્સુશિરો સ્ટેશન પર એક ટ્રેન પાટા પરથી ઉતરીને બાજુ પર પડી ગઈ હતી, અને કુમામોટો કિલ્લાની પથ્થરની દીવાલોને નુકસાન થયું હતું. સુરક્ષા તપાસ માટે ક્યુશુમાં શિંકનસેન બુલેટ ટ્રેનો અને સ્થાનિક ટ્રેનો સ્થગિત કરવામાં આવી છે, જ્યારે અસો કુમામોટો એરપોર્ટની વેબસાઇટ પરની નોટિસ અનુસાર, એરપોર્ટનો રનવે બંધ કરી દેવામાં આવ્યો છે.

પેપર લીક વિરોધી...

જણાવ્યું હતું કે નરેન્દ્ર મોદી સરકારે ૨૦૨૪માં પરીક્ષાઓમાં થતી ગડબડીઓને અટકાવવા માટે કાયદો લાવીને એક અધૂરું કામ પૂરું કર્યું હતું. સિંહે કહ્યું, વિવિધ પક્ષો દ્વારા શાસિત રાજ્યોમાં પેપર લીકની ઘટનાઓ બની છે... પેપર લીક વિરોધી બિલ એ વિદ્યાર્થીઓ અને યુવાનોના કલ્યાણના રક્ષણ માટે સરકારની પ્રતિબદ્ધતાનો પુનરોચ્ચાર છે. આ કાયદાને વધુ કડક બનાવવા માટે આ સુધારો લવાયો છે. વિદ્યાર્થીઓના વિરોધ પ્રદર્શન સાથે સરકારે જે રીતે વ્યવહાર કર્યો તેની ટીકા કરતા કોંગ્રેસ નેતા પ્રિયંકા ગાંધીએ કહ્યું કે વડાપ્રધાન નરેન્દ્ર મોદીએ જેન-ઝી (Gen Z)નો વિશ્વાસ જીતવો હોય તો કેમેરાના એંગલ બદલવાને બદલે તેમના "દિલનો એંગલ" બદલવાની જરૂર છે. ભાજપના સાંસદ બાંસુરી સ્વરાજે આ કાયદાનો જોરદાર બચાવ કર્યો હતો અને વિપક્ષ પર પરીક્ષાના પેપર લીક અંગે પસંદગીપૂર્વકનો આક્રોશ દર્શાવવાનો આરોપ મૂક્યો હતો અને કહ્યું હતું કે કોંગ્રેસની આગેવાની હેઠળની યુપીએ સરકાર દરમિયાન પણ આવી ઘટનાઓ બની હતી. નવી દિલ્હીના ભાજપના સાંસદે આરોપ લગાવ્યો હતો કે વિપક્ષ એવું ચિત્ર ઊભું કરવાનો પ્રયાસ કરી રહ્યો છે કે કેન્દ્રમાં ભાજપની આગેવાની હેઠળની એનડીએ (NDA) સરકાર સત્તામાં આવી તે પછી ૨૦૧૪થી જ પેપર લીક થવાનું શરૂ થયું હતું. સ્વરાજ સહિત એનડીએના સાંસદોએ આ બિલને સંપૂર્ણ સમર્થન આપતી વખતે, 'કોકરોચ જનતા પાર્ટી'ની આગેવાની હેઠળના ૩૬ દિવસના વિરોધ પ્રદર્શન પાછળની મુખ્ય શક્તિ એવા 'જેન-ઝી' (Gen-Z) દ્વારા બોલાતી ભાષામાં બોલવાનો પ્રયાસ કર્યો હતો. બિલને સમર્થન આપતા શિવસેનાના સાંસદ શ્રીકાંત શિંદેએ કહ્યું કે આ પરીક્ષા માત્ર એક નિર્ધારિત દિવસે જ યોજવાની વ્યવસ્થા બદલવાની જરૂર છે. કોંગ્રેસના ડેપ્યુટી લીડર ગૌરવ ગોગોઈએ પ્રસ્તાવિત પેપર લીક વિરોધી કાયદાના સુધારા સામે સવાલ ઉઠાવતા કહ્યું કે આટલો કડક કાયદો હોવા છતાં જાહેર પરીક્ષાઓના પ્રશ્નપત્રો લીક થવાનું ચાલુ જ રહ્યું છે અને તે નિષ્ફળ સાબિત થયો છે. ગોગોઈએ એમ પણ કહ્યું કે વિદ્યાર્થીઓને રસ્તા પર ઉતરવાની ફરજ પડી હતી અને તેમની પીડા સમજવાની જરૂર છે. સમાજવાદી પાર્ટીના સુપ્રીમો અખિલેશ યાદવે દાવો કર્યો હતો કે સરકાર ગભરાઈ ગઈ હતી અને તેને ઝૂકીને વિરોધ કરી રહેલા વિદ્યાર્થીઓની માંગણીઓ સ્વીકારવાની ફરજ પડી હતી. ડીએમકેના સાંસદ દયાનિધિ મારને 'નીટ' રદ કરવાની તેમની પાર્ટીની માંગણી દોહરાવતા દલીલ કરી હતી કે પેપર લીક વિરોધી કાયદામાં પ્રસ્તાવિત સુધારા તબીબી પ્રવેશ પરીક્ષાની મૂળભૂત સમસ્યાનો ઉકેલ લાવતા નથી. મારને કહ્યું કે તામિલનાડુ શરૂઆતથી જ નીટનો સતત વિરોધ કરતું આવ્યું છે અને કેન્દ્ર સરકાર રાજ્યની ચિંતાઓને અણદેખી કરવાનો આરોપ લગાવ્યો હતો. ટીએમસી સાંસદ અભિષેક બેનરજીએ બિલને સમર્થન આપતી વખતે કહ્યું કે આ કાયદો કેન્દ્રની ભાજપ સરકારની ૧૨ વર્ષની અક્ષમતા અને નિષ્ફળતાને ધોઈ શકશે નહીં, જો કે તેમણે પ્રસ્તાવિત કાયદાને તેમની પાર્ટીનું સમર્થન જાહેર કર્યું હતું. તેમણે એમ પણ કહ્યું કે આ બિલ એ સત્યને ભૂંસી શકું નથી કે પરીક્ષા રદ કરવામાં આવી હતી અને ઉમેદવારોના સપના તૂટી ગયા હતા.

NEET વિરોધ...

શોરબકોર વચ્ચે કેન્દ્રીય મંત્રી જીતન રામ માંઝીએ 'સૂક્ષ્મ, લઘુ અને મધ્યમ ઉદ્યોગ વિકાસ (સંશોધન) બિલ' રજૂ કર્યું હતું. ત્યારબાદ 'રાષ્ટ્રીય સન્માન અપમાન અટકાયત (સંશોધન) બિલ, ૨૦૨૬' પર ચર્ચા હાથ ધરવાની હતી. આ બિલ રાષ્ટ્રધ્વજ, બંધારણ અને રાષ્ટ્રગીત જેવા રાષ્ટ્રીય પ્રતીકોના અનાદરને ગુનો ગણીને ત્રણ વર્ષ સુધીની કેદની સજાની જોગવાઈ કરે છે. જોકે, વિપક્ષના સતત હોબાળાને કારણે આ બિલ પર ચર્ચા થઈ શકી નહોતી. વિપક્ષી સાંસદો NEET મુદ્દે ચર્ચા કરવાની સાથે ગૃહમંત્રી અમિત શાહ ગૃહમાં આવીને જંતર-મંતર પર પ્રદર્શનકારીઓ પર થયેલી પોલીસ કાર્યવાહી અંગે સ્પષ્ટતા કરે તેવી માગ કરી રહ્યા હતા. ડેપ્યુટી ચેરમેન હરિવંશે વિરોધ ચાલુ રહેતા ગૃહની કાર્યવાહી બુધવાર સુધી સ્થગિત કરી દીધી હતી.

દિલનો એંગલ...

'લાઠી'નો દરેક ઘા, વિદ્યાર્થીઓની પીઠ કરતા સરકારની પ્રતિષ્ઠાને વધુ વાગ્યો છે. 'ધ પબ્લિક એક્ઝામિનેશન (પ્રિવેન્શન ઓફ અનફેર મીન્સ) એમેન્ડમેન્ટ બિલ ૨૦૨૬' પર લોકસભામાં ચર્ચામાં ભાગ લેતા કોંગ્રેસના જનરલ સેક્રેટરીએ પૂછ્યું, "વિદ્યાર્થીઓ પર ટીયર ગેસના શેલ છોડવાની અને તેમના પર લાઠીઓ વરસાવવાની શું જરૂર હતી? યુવાન છોકરીઓના કપડાં ફાડીને તેમને અપમાનિત કરવાની અને નિર્દયતાથી મારવાની શું જરૂર હતી? દેશના યુવાનો પર પેલેટ ગન અને એકે-૪૭ (AK-47) થી ગોળીબાર કરવાની શું જરૂર હતી? શું તેઓ આતંકવાદી છે?" તેમણે કહ્યું, આજે આ સવાલો માત્ર કોંગ્રેસ પાર્ટી જ નહીં પરંતુ આખો દેશ પૂછી રહ્યો છે અને તેનો જવાબ આપવાની જવાબદારી સરકારની છે. આ સરકાર દેશના યુવાનોથી કેમ ડરે છે? તેમના અવાજને દબાવવાનો અધિકાર તેમને કોણે આપ્યો? પેપર લીક સાથે કામ પાર પાડવા માટે ફાસ્ટ ટ્રેક કોર્ટ બનાવવાની સરકારની જાહેરાતને પણ પ્રિયંકા ગાંધીએ ફગાવી દીધી હતી અને કહ્યું હતું કે ફાસ્ટ ટ્રેક કોર્ટનો રેકોર્ડ પહેલેથી જ ખૂબ નબળો રહ્યો છે. તેમણે કહ્યું, સંસદમાં વિપક્ષ પર દોષારોપણ કરવાથી અને નકામી રાજકીય રમતો રમવાથી કામ નહીં ચાલે. જો વડાપ્રધાન 'જેન ઝી'ને જીતવા માંગતા હોય, તો અલગ-અલગ કેમેરા એંગલથી વિડીયો બનાવવાથી મદદ નહીં મળે. વડાપ્રધાને કેમેરાનો એંગલ નહીં, પરંતુ પોતાના 'દિલનો એંગલ' બદલવાની જરૂર છે.

વિશ્વના સૌથી મોટા...

ચુંબકો કરતાં 1.3 ગણું વોલ્યુમ અને ત્રણ ગણું સંગ્રહિત ઊર્જા ધરાવે છે. ચીન કહે છે કે બંને ટેકનોલોજી સંપૂર્ણપણે સ્થાનિક સામગ્રી અને ઉત્પાદન ક્ષમતાઓનો ઉપયોગ કરીને વિકસાવવામાં આવી હતી, જેનાથી મહત્વપૂર્ણ ફ્યુઝન ઘટકો માટે વિદેશી સપ્લાયર્સ પર નિર્ભરતાનો અંત આવ્યો. કૃત્રિમ સૂર્ય એ એક પરમાણુ ફ્યુઝન રિએક્ટર છે જે સૂર્યને શક્તિ આપતી સમાન પ્રક્રિયાને ફરીથી બનાવે છે. તે ૧૦ કરોડ ડિગ્રી સેલ્સિયસથી વધુ તાપમાને હાઇડ્રોજન પરમાણુઓનું ફ્યુઝન કરે છે, કાર્બન ડાયોક્સાઇડ ઉત્પન્ન કર્યા વિના પ્રચંડ માત્